વડીલોને વંદન અભિનંદન

ભરતભાઈ વાડીલાલ સોની
(૧૯૫૩) મો. ૯૮૭૯૫૨૦૧૯૦



સુશીલાબેન કચરાલાલ ભાવસાર
(૧૯૩૮) મો. ૯૭૨૩૬૭૧૫૫૪

આજના ધાર્મિક કાર્યક્રમ

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવ રૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે દેવેન્દ્રભાઈ પી. દવે, ૪૩૧/૨, ગીતાંજલી પાર્ક સેક્ટર-૮ ખાતે યોજાશે.
- શ્રી શિવ-શક્તિ શિવ મહિમ્ન સ્ત્રોત મંડળ સેક્ટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત આજે રાત્રે ૯.૦૦ વાગે દિલીપભાઈ જાની ૧૪૨/૧ બી-૧ ટાઈપ સેક્ટર-૨૩ ખાતે યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેક્ટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતી વંદના આજે રાત્રે ૯.૦૦ વાગે મુકેશભાઈ દવે સેક્ટર-૨૮ ખાતે યોજાશે.
- વાવોલ રામધામ ખાતે ચાલતી રામકથામાં આજે રામજીનો બાળ ચરિત્ર પ્રસંગ યોજાશે. ભાવિ ભક્તોને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

મોડાસાના સહકાર કોમ્પ્લેક્ષમાં યુવાનનો મૃતદેહ મળતા ચકચાર

પોલીસે ગુનો નોંધી મોતનું સાચુ કારણ શોધવા તપાસ તેજ બનાવી

મોડાસા, તા.૨૧

મોડાસાના સહકાર કોમ્પ્લેક્ષ માંથી આજે ૧૯ વર્ષીય યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી મોત પાછળનું સાચુ કારણ શોધવા તપાસ તેજ બનાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બ્રાહ્મણવાડા ગામનો ૧૯ વર્ષીય યુવાન જગદીશ રમણભાઈ ચમાર તેના મોટા ભાઈ સાથે મોડાસાના સહકાર કોમ્પ્લેક્ષ સ્થિત આવેલ સ્ટુડીયોમાં નોકરી કરતો હતો બંને ભાઈ સ્ટુડીયોમાં આવેલ એક રૂમમાં જ રહેતા હતા દરમિયાન જગદીશનો મોટા ભાઈ સંજય પોતાના કામ અર્થે મોડાસાથી પોતાના ગામ બ્રાહ્મણવાડા ખાતે ગયો હતો. બીજા દિવસે ગામથી પરત આવતા રૂમનો દરવાજો ખખડાવ્યો હતો પરંતુ કોઈ જવાબ ન મળતા સ્ટુડીયો ના માલિક અને અન્ય કર્મચારીઓની મદદથી દરવાજો તોડી જોતા જગદીશ મૃત હાલતમાં રૂમમાં પડયો હતો આથી તુરંત પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને ગુનો નોંધી મૃતદેહને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો. ૧૯ વર્ષીય યુવાનના મોતથી પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. આ કેસની વધુ તપાસ પી.એસ.આઈ. એમ.એસ. ભગોરા ચલાવી રહ્યા છે.

(તસવીર : જય અમીન)

ડીસાના ફળફળાદી માર્કેટમાં વેપારી પેઢીમાંથી દોઢ લાખની ચોરી

ડીસા, તા.૨૧

ડીસાના વી.જે. પટેલ ફળફળાદી શાકમાર્કેટમાં એક ચોરીનો બનાવ નોંધાવા પામ્યો હતો જેમાં વેપારીની દુકાનના તાળા તોડી તિજોરીમાં પડેલા દોઢ લાખની રોકડ રકની ચોરી અજાણ્યા તસ્કરો દ્વારા કરાતા ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

ડીસાના ફળફળાદી શાકમાર્કેટમાં વિજયભાઈ રણછોડભાઈ માળીની શિવશકિત ટ્રેડીંગ નામની ૬૨ નંબરની દુકાન આવેલી છે આ દુકાનમાં બે દિવસ અગાઉ રાત્રિના સમયે કોઈ અજાણ્યા તસ્કરો પ્રવેશ્યા હતા અને દુકાનમાં રહેલ તિજોરીમાં પડેલ રૂ. દોઢ લાખની રોકડ રકમ લઈને ઉઠાંતરી કરી હતી. આ બાબતે બીજા દિવસે વેપારીને જાણ થતા તેમણે ડીસા દક્ષિણ પોલીસ મથકે જાણ કરતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તપાસ તેજ બનાવી છે. જે તપાસ પી.આઈ. કે.ડી. નકુમ ચલાવી રહ્યા છે.



પંચદેવ મંદિરના મહંત શ્રી ફુલશંકર શાસ્ત્રીજી દ્વારા આજે પંચદેવ મંદિર ખાતે નીલકંઠ શાસ્ત્રીજીને ૨૧ મુખી રૂદ્રાક્ષ ધારણ કરાવવામાં આવ્યો હતો.

૬૮મા સ્વાતંત્ર પર્વની ઉજવણી નિમિત્તે સારે જહાં સે અચ્છા હિંદુસ્તાં હમારા નાટક રજુ થયું

ગાંધીનગર, તા.૨૧

૬૮મા સ્વાતંત્ર પર્વની ઉજવણી નિમિત્તે સાબરકાંઠાના જાણીતા ગૌરવ પુરસ્કૃત નાટયકાર અને સાગર અકાદમીના પ્રમુખ ભરત વ્યાસના સઘન પ્રયાસ અને અથાગ મહેનતથી હિંમતનગર શહેરના કલાકારો દ્વારા સારે જહાં સે અચ્છા હિંદુસ્તાં હમારા નાટક તૈયાર કરવામાં આવેલ જેનો એક પ્રયોગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વાતંત્ર પર્વેની પૂર્વ સંધ્યાએ કલેકટરશ્રી બંછાનિધિ પાની સાહેબની ખાસ ઉપસ્થિતિમાં ઈડર ખાતે તથા બીજો પ્રયોગ ૧૫મી ઓગસ્ટના રોજ હિંમતનગર ખાતે સફળતાપૂર્વક રજુ થયો. નાટય અને નૃત્ય આધારીત આ વિશિષ્ઠ કાર્યક્રમમાં આઝાદીની ચળવળની કેટલીક પ્રમુખ ઘટનાઓ આબેહુબ રીતે રજુ કરવામાં આવી હતી જેનું સ્ક્રિપ્ટ લેખન, સંકલન અને દિગ્દર્શન ભરત વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા ભરત વ્યાસ, પ્રકાશ વૈદ, નિરંજન શર્મા, શ્રી રામ ભટ્ટ, વિરલ રાવલ, મહેશ પંડયા, પિયુષ પટેલ, ઉમંગ કુબાવત, રાજુ લિમ્બચિયા, બળવંત રાઠોડ, મહેન્દ્ર પ્રજાપતિ, કલ્પેશ થાપા, વિષ્ણુ નાયક, દીપીકા વોરા તથા અન્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. નૃત્ય કોરીયોગ્રાફી કલ્પેશ થાપાએ કરી હતી. વિજયુએલ કલીપ અને એન્કરીંગ નિરંજન શર્માએ આપ્યું હતું. સંગીત તૈયાર કરવા માટે શ્રીરામ ભટ્ટે ભારે જહેમત ઉઠાવી હતી.

શીર્ષક ગીત ઉમંગ કુબાવતે લખ્યું હતું. ગીતો માટે સ્વર આપ્યો હતો હેમંત પ્રણામી, નેહલ જોષી, નવલદાન ગઢવી, કાનજી દરજીએ પુરા પાડયા હતા. સ્ટેજ વ્યવસ્થા ક્રિષ્ના મંડપના દશરથભાઈ પરમારે પુરી પાડી હતી. ૬૦ જેટલા કલાકારો દ્વારા ગીત સંગીત સાથે રજુ થયેલો આ રંગારંગ કાર્યક્રમ પ્રેક્ષકોને ખુબ જ પસંદ આવ્યો હતો. હિંમતનગર ખાતેના પ્રયોગ પ્રસંગે લાયન્સ પ્રમુખ ડી.એલ. પટેલ તથા કાર્યક્રમના સ્પોન્સર શગુન એગ્રોસ્પેસના વડા મનીષ શાહ, આર વનના ચેર પરસન શ્રીમતી ગીતાબેન હાજર રહ્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમને સફળ બનાવવા મદદરૂપ થયેલ ડૉ. મહેન્દ્ર સોની (યશદીપ હોસ્પિટલ), શ્રી કાન્તિભાઈ શાહ (મોન્ટેજ લેબોરેટરી), ભરત નાયી (મેકસ ઈન્ડિયા), જીગરભાઈ શર્મા (માનવ અધિકાર પંચ), શ્રી રાજુ પીપલાણી (જય હિંદ સ્ટીલ) તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

પાલનપુર હનુમાન ટેકરી ખાતે મહાપુરાણ જ્ઞાનયજ્ઞ સંપન્ન

પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન પાલનપુર આબુ હાઈવે સ્થીત હનુમાન ટેકરી વિસ્તારમાં આવેલા નિલકંઠ મહાદેવ ખાતે મંદિરના વ્યવસ્થાપક જયશંકરભાઈ વ્યાસ દ્વારા શ્રીમદ ભાગવત મહાપુરાણ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જે કથા જ્ઞાનયજ્ઞનું રસપાન પીલુચાવાળા પ્રવિણચંદ્ર વેણીરામ રાવલ કરાવી રહ્યા છે. ત્યારે કથાનું રસપાન કરવા મોટી સંખ્યામાં ભક્તજનો ઉમટી રહ્યા છે. આજરોજ ગુરૂવારે શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞના અંતિમ દિને ૫૧૧ દિવાની મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. કથાની પૂર્ણાહુતિની પૂર્વ સંધ્યાએ જી.ડી. મોદી વિદ્યાસંકુલના નિયામક અને વિદ્યા વાચસ્પતિ ગિરિશભાઈ ઠાકરે ખાસ ઉપસ્થિત રહી જ્ઞાનમૃત સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં પોથી યજમાન સ્વર્ગસ્થ હરજીભાઈ દેસાઈ પરિવાર વતી મગનભાઈ દેસાઈ, હનુમાન ટેકરી મહિલા મંડળના પ્રમુખ મંજુલાબેન ઠક્કર, વિણાબેન જોષી સહિતના પ્રભુભક્તોએ કાર્યક્રમની સફળતા માટે જહેમત ઉઠાવી હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ઊંઝામાંથી ધોળા દિવસે બાઈક ચોરાયું

ઊંઝા ખાતે ઉમિયા માતા પાછળ રબારીવાસમાં રહેતા રબારી લાભુભાઈ રામાભાઈએ ગત તા. ૩૧ જુલાઈના રોજ આયુર્વેદિક હોસ્પિટલ રોડ પર માધવ ઓફસેટ પાસે બપોરના સમયે પોતાનું હિરો હોન્ડા મોટર સાયકલ નં. જી.જે. ૨ બી.સી. ૬૩૪૨ કિંમત રૂપિયા ૩૩ હજારનું પાર્ક કર્યું હતું.

૭૦.૬૫ લાખની રાખડીના વેચાણનો ગુજરાતમાં વિક્રમ

ગુજરાતમાં નારીશક્તિએ પરિચય આપ્યો : નારીશક્તિની હાથ બનાવટની રાખડીઓના વેચાણ માટે ૬૮૧ સ્ટોલ્સ

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતે ભાઈ બહેનના પવિત્ર પ્રેમની અભિવ્યક્તિ સમી રાખડીની ઉત્પાદક નારીશક્તિના સશક્તિકરણનું સફળ જવલંત દ્રષ્ટાંત રાખીમેળામાં સમગ્રતયા ૭૦ લાખ ૬૫ હજાર રૂપિયાની હાથ બનાવટની રાખડીઓના વિક્રમી વેચાણથી પુરૂં પાડ્યું છે.

રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી નીતિન પટેલ અને નાણાં મંત્રી સૌરભ પટેલે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના મહિલા સશક્તિકરણના આ નવતર અભિગમ રાખી મેળાની જવલંત સફળતાની વિગતો આપી હતી. પ્રવક્તા મંત્રીઓએ જણાવ્યું કે, મુખ્યમંત્રીએ રાજ્યમાં તા. ૧ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન નારી સશક્તિકરણ પખવાડીયાની ઉજવણી થકી મહિલાઓમાં સક્ષમતા નિર્માણના જે કાર્યક્રમો શરૂ કરાવ્યા, તેમાં બહેનો-માતાઓ દ્વારા ઉત્પાદિત હાથ બનાવટની રાખડીઓની સંકલિત વેચાણ વ્યવસ્થા માટે રાજ્યભરમાં ૩૩ જિલ્લાઓમાં રાખીમેળાનું આયોજન મહિલા બાળકલ્યાણ વિભાગના ઉપક્રમે સ્વસહાય જુથો અને મિશન મંગલમની સખીમંડળ બહેનો માટે કરવામાં આવ્યું હતું. તેમજ આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે પ્રેરિત રાખી મેળામાં પરંપરાગત સુંદર, કલાત્મક અને વાજબી ભાવની રાખડીઓનું પ્રોત્સાહક વેચાણ થયું છે. ૬૫૦ જેટલા મહિલા જૂથોની વિશાળ નારીશક્તિ દ્વારા ઉત્પાદિત રાખડીઓના વેચાણ માટે રાજ્યભરમાં ૬૮૧ સ્ટોલ ૩૩ જિલ્લાઓના રાખી મેળામાં વિનામુલ્યે પુરા પાડીને રાજ્ય સરકારે વિશેષ પ્લેટફોર્મ પુરૂ પાડ્યું હતું. પ્રવક્તા મંત્રીઓએ રાજ્યભરમાંથી રાખી મેળાને જે ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો અને વિક્રમસર્જક આવક ગ્રામીણ માતૃશક્તિને આ રાખડીઓના વેચાણમાંથી મળી તેની જાણકારી આપતાં કહ્યું કે, આદિવાસી વસ્તીનું પ્રભુત્વ ધરાવતા દક્ષિણ ગુજરાતના દુર્ગમ વિસ્તાર વલસાડ જિલ્લામાં ૨૫ મહિલાજૂથો દ્વારા ૩૯ સ્ટોલ્સ રાખી મેળામાં થયા હતા જેમાં રૂા. ૯ લાખ ૧૦ હજારની હાથ બનાવટ રાખડીઓનું વેચાણ થતાં સમગ્ર રાજ્યમાં આ આદિજાતિ બાહુલ્ય જિલ્લો રાખીમેળામાં અગ્રેસર રહ્યો છે. સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લામાં ૨૨ મહિલા જૂથોએ જુદા જુદા ૧૦ સ્ટોલ્સ મારફત રૂા. ૭ લાખ ૪૯ હજારની કિંમતની રાખડીઓના વેચાણ સાથે રાજ્યમાં બીજું સ્થાન મેળવ્યું છે.

નિતીન પટેલ અને સૌરભ પટેલે જણાવ્યું કે, મુખ્યમંત્રીએ ગ્રામ્ય વિસ્તારની બહેનો-માતાઓ પણ આર્થિક રીતે પગભર બને તેવા ઉદાત્ત અભિગમ સાથે રાખીમેળાના આયોજનનો નવો વિચાર સમાજ સમક્ષ મુક્યો તેને સફળતાપૂર્વક પાર પાડવા સમગ્ર સમાજશક્તિએ અપ્રતિમ યોગદાન આપ્યું અને અમદાવાદ જેવા મહાનગરમાં પણ ૪ લાખ ૬૫ હજાર રૂપિયાના મુલ્યની રાખડીઓનું મહિલા આર્થિક વિકાસ નિગમ મારફતે ૨૩ મહિલા જૂથોની સભ્ય બહેનોએ વેચાણ કર્યું.

તલોદ પાલિકામાં સ્વાતંત્ર્ય પર્વની ધામધૂમથી ઉજવણી

તલોદ, તા. ૨૧

તલોદ પાલિકાના પટાંગણમાં ૬૮ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પ્રસંગે યોજાયેલ ધ્વજવંદન તલોદ પાલિકાના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ પટેલના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે તેઓશ્રીએ આઝાદી પર્વ વિગતવાર માહિતી સમગ્ર નગરજનોને આપતા સમગ્ર દેશવાસીઓ અને નગરજનો શુભકામના પાઠવતાં સાથ અને સહકારની અપેક્ષા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે તલોદ પાલિકાના સુભાષ ચોકમાં શુભાષચંદ્ર બોઝના સ્ટેચ્યુનું અનાવરણ વિધિ કરી ફુલહારથી સ્વાગત સાથે વંદે માતરમ્ નારાથી ગુંજી ઉઠયું હતું. પૂર્વ કાયદામંત્રીની અધ્યક્ષતામાં પાલિકાના બગીચામાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તલોદ પાલિકાના સમગ્ર કાઉન્સીલરો અધ્યક્ષ અશોકભઆઈ શાહ, ઉપપ્રમુખ ઉપેન્દ્રભાઈ ગજ્જર અને નગરજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પાલિકાના ચિફ ઓફીસર અનિષભાઈ પટેલ તથા સમગ્ર કર્મચારી સ્ટાફ ગણે જહેમત ઉઠાવી સમગ્ર કાર્યક્રમનું સમાપન કર્યું હતું. રાષ્ટ્રિય પર્વની ભાવના પેદા થાય તેવા કાર્યક્રમ સાથે પાલિકા દ્વારા ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓએ ગોલ્ડ મેડલ મેળવ્યા

ગાંધીનગર, તા. ૨૧

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ સેક્ટર-૭ની વિદ્યાર્થીનીઓએ અમદાવાદ ખાતે યોજાયેલ એન.સી.સી. યુનિટના સી.એ.ટી.સી. કેમ્પમાં ભાગ લીધો હતો. દસ દિવસીય કેમ્પમાં વિદ્યાર્થીઓને પરેડ, ડ્રીલ, યોગાસન, કસરત, રાઈફલ, જુડો, શુટીંગ શિખવાડવામાં આવ્યું હતું. વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ અને રમતો યોજવામાં આવી હતી. જેમાં સૈણીકવર પી. રાઠોડે 'સ્વ' રચિત કવિતામાં અને ગૌરી ચૌધરી, વીના ચૌધરી, મંજુલા ચૌધરી અને હેતલ ચૌધરીએ દેશભક્તિ સમૂહ ગાન રજુ કરી ગોલ્ડ મેડલ મેળવ્યા છે. વિદ્યાર્થીનીઓને અને એન.સી.સી. યુનિટ ઈન્ચાર્જ પ્રો. સોનલ મોદીને આચાર્યા ડો. ઉર્મિલાબેન અને કોલેજ પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

પ્રાંતિજમાં ભગવાન ઝુલેલાલની ભવ્ય શોભાયાત્રા નીકળી

પ્રાંતિજ, તા. ૨૧

પ્રાંતિજ ખાતે રહેતા સિંધી સમાજ દ્વારા ઝુલેલાલ ભગવાનના ચાલીસા પૂર્ણ થતા પ્રાંતિજ નગરમાં ભગવાનની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

પ્રાંતિજ શહેરમાં વર્ષોથી સિંધી સમાજ દ્વારા પરંપરાગત ભગવાન ઝુલેલાલ ચાલીસા પૂર્ણ કરી ૪૧ માં દિવસે ભક્તિભાવ પૂર્ણ ભગવાન ઝુલેલાલની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સિંધી સમાજના અગણી નંદુભાઈ ઝુલાણીના ઘરેથી વાજતે ગાજતે ઢોલ-નગારા સાથે ભગવાનનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો.

શોભાયાત્રા ભાખરીયા બસ સ્ટેન્ડથી સિંધી સમાજની પરબ સુધી કાઢવામાં આવ્યો હતો. આ ધાર્મિક પ્રસંગે અગણી મનુભાઈ રામચંદાણી, સુનીલ ટેકવાણી, જગદીશભાઈ કિંમતાણી, માધુભાઈ રામચંદાણી, અમીતભાઈ કિંમતાણી સહિત મોટી સંખ્યામાં સમાજના ભાઈ-બહેનો જોડાયા હતા.

યુનિવર્સિટીમાં ઘણા મુદ્દાઓને લઈને જોરદાર વિરોધ પ્રદર્શન

અમદાવાદ, તા.૨૧

ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આજે ભારે હોબાળો જોવા મળ્યો હતો. એક બાજુ બિભત્સ પત્રકાંડ મામલે મહિલા આયોગની ટીમ યુનિવર્સિટી કેમ્પસમાં પહોંચી હતી ત્યારે બીજી તરફ અલગ અલગ માંગોને લઈ વિદ્યાર્થી સંગઠનો એનએસયુઆઈ અને એબીવીપી દ્વારા યુનિવર્સિટી કેમ્પસમાં ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા. જેને લઈ યુનિવર્સિટી કેમ્પસનો માહોલ ગરમાયો હતો.

ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં એક તરફ મહિલા આયોગની ટીમ બિભત્સ પત્રકાંડ મામલો તપાસ કરી રહી હતી તો બીજી તરફ વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ અને એબીવીપીના કાર્યકરોએ અલગ-અલગ મુદ્દાઓને લઈ સુત્રોચ્ચાર કરી ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. એક બાજુ બીએસસી કોલેજોમાં સેલ્ફ ફાઈનાન્સ બેઠકો વધારો અને સરકારી બેઠકમાં છડાને લઈ એનએસયુઆઈ દ્વારા વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. એનએસયુઆઈના કાર્યકરોએ યુનિવર્સિટી કેમ્પસમાં પહોંચી કુલપતિ તેમજ શિક્ષણમંત્રી સામે ઉગ્ર સુત્રોચ્ચાર કર્યા હતા. આ ઉપરાંત શિક્ષણમંત્રીનું પુતળુ બાળી વિરોધ વ્યક્ત કર્યો હતો. સાથે જ જો આગામી સમયમાં બીએસસીમાં સેલ્ફ ફાઈનાન્સ બેઠકો ઘટાડી સરકારી બેઠકોમાં વધારો કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી હતી.

જનધન યોજના

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપરાંતના ખાતા ખુલે તેના પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે.

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા સહિત જિલ્લાઓમાં પણ મોટી સંખ્યામાં આ યોજનાનો આ જ દિવસે પ્રારંભ થશે.

તેમણે જણાવ્યુ હતુ કે આ યોજનાના અમલીકરણના આરંભના કાર્યક્રમો ગ્રામ્યસ્તરે થાય તેમજ તાલુકાસ્તરે થાય તે રીતે પણ આયોજન કરવામાં આવ્યું છે. યોજનાના આરંભે જ વિક્રમી ખાતાં ગાંધીનગર જિલ્લામાં ખુલે તેવો લક્ષ્યાંક છે. આ માટે દરેક બેંકો સાથે બેઠકો અને પત્ર વ્યવહાર કરવામાં આવ્યો હોવાનું તેમણે જણાવ્યુ હતુ.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી, ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, સેક્ટર-૨૫, ક' રોડ, ગાંધીનગર-૩૮૨૦૨૩
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

આંતરિક ઓડીટર જોઈએ છે

ઉપરોક્ત સહકારી સંસ્થા માટે તા. ૧/૯/૨૦૧૪ થી તા. ૩૧/૮/૨૦૧૫ સુધી વાર્ષિક ધોરણે આંતરિક ઓડીટર રીટેઈનરશીપથી રોકવાના છે. ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., મધુર ડેરી એ ગુજરાત કો.ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન - અમૂલથી સંયોજિત દૂધ સંઘ છે. જેનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૨૦૦/- કરોડથી વધુ છે અને ગુજરાતના પાટનગરમાં અદ્યતન ડેરી પ્લાન્ટ ધરાવે છે.

(૧) આંતરિક ઓડીટર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સી.એ.) હોવા જોઈએ.
(૨) સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની ઓડીટર પેનલમાં લીસ્ટેડ હોવા જોઈએ.
(૩) ડીસ્ટ્રીક્ટ કો.ઓ. મિલ્ક યુનિયનનો ૩ થી વધુ વર્ષનો આંતરિક ઓડીટર તરીકેનો અનુભવ હોવો જોઈએ.

આંતરિક ઓડીટ એ રોજ-બરોજની પ્રક્રિયા હોઈ, સ્થાનિકને પ્રથમ પસંદગી આપવામાં આવશે. રસ ધરાવનાર પાર્ટીઓએ પોતાના ભાવ / ઓફર માસિક અને વાર્ષિક મહેનતાણું સીલબંધ કવર ઉપર આંતરિક ઓડીટર રોકવા અંગેના ભાવ લખીને સંસ્થાની ઓફીસમાં રૂબરૂમાં તા. ૨૭/૮/૨૦૧૪ પહેલા મોકલી આપવાનું રહેશે. સદર ભાવ / ઓફર સ્વીકારવા કે કેન્સલ કરવાની તમામ સત્તા મેનેજીંગ ડિરેક્ટરશ્રીની રહેશે.

મેનેજીંગ ડિરેક્ટરશ્રી

શબ્દાવલી - ૫૪૮૧

આડી ચાવી

૧. મહાભારતના યુદ્ધનું મેદાન (૪)
૩. નાવનો હાંકનાર, ખારવા (૩)
૬. સાત સુરોનું બંધારણ (૪)
૭. મડદા પર ઓઢાડાતું વસ્ત્ર (૩)
૮. પ્રેમનું અંગ્રેજી (૨)
૯. નાળિયેર (૩)
૧૧. ગપ્પુ (૨)
૧૩. બંધારણનું વિશિષ્ટ માળખું (૩)
૧૫. વૈરાગ્ય (૪)
૧૭. શિવનું વાદ્ય, ડુગડુગી (૩)
૧૯. છૂટનો સમય આપવો, મુદ્દત (૪)
૨૦. ઋષિ-મુનિને તપ કરવાની જગ્યા (૪)
૨૧. કપાળના બંને બાજુના છેડા (૩)

ઊભી ચાવી

૧. કૂવો (૨)
૨. ક્ષેત્રનો વિસ્તાર (૪)
૩. ખલ, ચટણી વાટવાનો પથ્થર (૩)
૪. ઓળખાણનો ઉપયોગ (૪)
૫. ખેતર, સીમાડો (૨)
૭. ખાંસીના રોગમાં... થાય (૨)
૯. એક સુપ્રસિદ્ધ અભિનેત્રી (૩)
૧૦. સરખુ (૨)
૧૨. લાકડાનું પાટીયું અને લોખંડનું... (૩)
૧૩. આવવું, ... થવું (૪)
૧૪. નક્કર, નકોર (૪)
૧૬. લીલુ નારીયેળ (૩)
૧૮. ગડ-ગુમડ પર લગાવાતી દવા (૩)

શબ્દાવલી ૫૪૮૦ના જવાબ

આડી ચાવી :- (૧) ધસારો (૩) લવકુશ (૬) નવેસર (૭) મચક (૫) રખડુ (૧૦) કોકો (૧૧) તુરંગ (૧૪) મરજી (૧૬) ગાગર (૧૭) સાટીન (૧૮) રજ (૧૯) જમીનદાર

ઊભી ચાવી :- (૧) ધસમસતુ (૨) રોનક (૩) લસરકો (૪) વરખ (૫) શણ (૯) ડુક્કર (૧૨) રંગાટી (૧૩) ગગન (૧૪) મહાજન (૧૫) જીર્ણોદ્ધાર (૧૭) સાખ (૧૮) રમી